મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૮૫ ટકા

**ગાંધીનગર તાપમાન**

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન પવિત્રાના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન ચોકલેટના હિંડોળા યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા મહેશભાઈ ઠાકરના નિવાસસ્થાન સે-૧૬ ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા ભૂવનેશભાઈ ઓઝાના નિવાસસ્થાન ઈ-૪૦૪, શિવાલય રેસીડેન્સી, કુડાસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા અશોકભાઈ મહેતાના નિવાસસ્થાન ૬૮/૧, સે-૩-ન્યુ એ ખાતે ૯ કલાકે મહાપ્રસાદ સાથે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

● રામધામ વાવોલ ખાતે સવારે ૬ થી સાંજના ૮ દરમિયાન જરી-મોતી-કાચના હિંડોળા તથા બપોરે ૩.૩૦થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● રંગ અવધૂત પરિવાર દ્વારા દત્ત મંદિર સે-૨૮ ખાતે રાત્રે ૮.૧૫ કલાકથી રિધ્ધેશભાઈ જોષી દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોતથી અભિષેકાત્મક લઘુરૂદ્ર યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા અનિલભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૧૩૦/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

### સામાજીક અને સાંસ્કૃતિક

● નેત્ર નિદાન, મોતિયાના ઓપરેશન, બ્લડ કેમ્પ, ડેન્ટલ કેમ્પ અને પેરામેડિકલ કેમ્પ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળ સત્સંગ શિક્ષા પરિષદ ખાતે યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. પુંજાજી ફૂલાજી મકવાણા, ઉ.વ. ૪૭
- સ્વ. મોચી બળદેવભાઈ અંબાલાલ, ઉ.વ. ૫૩
- સ્વ. પ્રજાપતિ સવિતાબેન જીવપભાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. પારેખ કાન્તાબેન ગોવિંદભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. સોલંકી શકરાજી નાથાજી, ઉ.વ. ૬૧

# દશામાની મૂર્તિનું ભાવપૂર્ણ માહોલમાં વિસર્જન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરને અડીને સાબરમતિ નદીના કિનારે આવેલા ઈન્દ્રોડા ગામે દશામાતાજીની મૂર્તિના વિસર્જન માટે હજ્જારો ભકતો ઉમટી પડ્યા હતા. શનિવારની મોડી રાતથી જ ઝરમર ઝરમર વરસતા વરસાદમાં ભકતો માતાજીની મૂર્તિ પધરાવવા માટે પહોંચી ગયા હતા. સમસ્ત ઈન્દ્રોડા ગામ યુવક મંડળ દ્વારા ચા-પાણી અને બુંદીના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.જયારે ગામના ૨૦૦ થી વધુ યુવાનો પાર્કીંગથી લઈને નદીના પટ સુધી ખડેપગે સેવા આપતા નજરે પડ્યા હતા. જયારે શહેરમાં અન્ય જગ્યાએ પણ માતાજીની મૂર્તિ વિસર્જન માટે સુંદર આયોજન કરાયું હતું.

ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામે સાબરમતિ





નદીના કિનારે વર્ષોથી દશામાતાજીની મૂર્તિ વિસર્જન માટે સુંદર આયોજન સમસ્ત ઈન્દ્રોડા ગામ ના નાગરીકો દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લા ઉપરાંત આસપાસના વિસ્તારમાંથી પણ મોટીસંખ્યામાં ભકતો મૂર્તિ વિસર્જન માટે આવે છે. ત્યારે શનિવારના રોજ રાત્રીના સમયથી ઈન્દ્રોડા ગામ સહિત ધોળાકુવા, રાજભવન કવાટર્સ પાસે, સેકટર-૩૦ પુલ પાસે, રાંદેસણ, રાયસણ સહિતના સ્થળો પર દશામાની મૂર્તિ પધરાવવા માટે ભકતોની ભારે ભીડ લાગી હતી. દશ દશ દિવસ સુધી માતાજીની પૂજા-અર્ચના અને આરાધના કર્યા પછી ભકતોએ ભારે હૈયે માતાજીને વિદાય આપી હતી. નદી કિનારે પણ ભકતો દ્વારા પૂજા અર્ચન કર્યા બાદ મૂર્તિની નદીના નીરમાં પધરાવી હતી. મૂર્તિ વિસર્જન માટે ભકતો વાજતે-ગાજતે માતાજીના ગુણગાન ગાતા નજરે પડે છે. જયારે ઈન્દ્રોડા ગામ ખાતે ભકતો માટે સવિશેષ આયોજન કરાય છે. જેમાં પાર્કીંગથી લઈને નદીના પટમાં લાઈટ તેમજ ઠંડા મીનરલ પાણીની સુવિધા, ચા અને બુંદીનો પ્રસાદ વિતરણ કરાયો હતો.જયારે સંગીતના સથવારે ભકતો ગરબે ઘુમ્યા હતા. તો ગામના ૨૦૦ થી વધુ જવાનો ખડેપગે સેવામાં હાજર જોવા મળ્યા હતા.ઈન્દ્રોડા ખાતે સુંદર આયોજન ને પગલે ભકતોનું પણ મૂર્તિ વિસર્જન માટે ઈન્દ્રોડા પ્રથમ પસંદગીનું સ્થાન બની ગયું છે.



ગાંધીનગર માત્ર સાહિત્ય અને સંગીત જ નહીં પરંતુ ચિત્રકળા જેવી અનેકવિધ કલાઓના ઉત્કૃષ્ઠ કલાકારોથી પણ સમૃધ્ધ છે. શહેરના આવા જ એક જાણીતા ચિત્રકાર જેઓ લોકસંગીતના અચ્છા ગાયક પણ છે તેવા રાજુભાઈ શ્રીમાળીએ પાટનગરમાં પ્રસન્નતા પર્વે 'મોજમાં રહેવું'નો સંદેશ પાઠવવા આવેલા ગુજરાતના લોકપ્રિય લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીને તેમનું આબેહૂબ પોટ્રેટ ચિત્ર દોરીને ભેટ આપતા ભીખુદાન ગઢવી પણ 'પ્રસન્ન' થઈ ગયા હતાં.

## શામળીયાના દર્શન કરી વૃધ્ધાશ્રમના વડિલો ભાવવિભોર

### સહયોગ મંડળે મગોડીના વૃધ્ધાશ્રમના વડિલોને ધાર્મિક પ્રવાસ કરાવ્યો

ગાંધીનગર, તા.૧૧

શ્રાવણ માસ એટલે ભકિત-શ્રધ્ધાનો માસ. આ માસમાં જેટલાં ધાર્મિક કાર્યક્રમોના આયોજન થાય તેટલાં જ ધાર્મિક પ્રવાસો પણ યોજાય અને વયોવૃધ્ધ વડિલો સૌથી વધુ ભકિતમાં લીન થતાં જોવા મળે. જો કે જે વડિલો વૃધ્ધાશ્રમમાં રહે છે તેમનું શું? ગાંધીનગર પાસેના મગોડીમાં રાહેલબા વૃધ્ધાશ્રમ ખાતે રહેતા વડિલોની સહારે શહેરની સેવાકિય સંસ્થા સહયોગ મંડળ આવી અને આ વડિલોને પવિત્ર શ્રાવણ માસમાં ધાર્મિક પ્રવાસ કરાવી 'પ્રસન્ન' કર્યા હતા.



મગોડીના રાહેલબા વૃધ્ધાશ્રમ ખાતે આશ્રમ લઈ રહેલા વડિલોને ગત સપ્તાહમાં સહયોગ મંડળ દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં વડિલોને સાબરકાંઠા અરવલ્લીના સુપ્રસિધ્ધ યાત્રાધામો જેવા કે શામળાજી મંદિર, વિરેશ્વર મહાદેવ તથા બેરણા ખાતે સ્વામિનારાયણ મંદિર ઉપરાંત પોળોના જંગલની વરસાદી વાતાવરણમાં સોળે કળાએ ખિલી ઉઠેલી કુદરતી સુંદરતાને માણવાની તક મળી હતી. ભકિતભાવ સાથે આવા રોમાંચક પ્રવાસથી વડિલો આનંદવિભોર બન્યા હતા. સમગ્ર પ્રવાસ દરમિયાન વડિલોએ ઉત્સાહપૂર્વક ભજન કિર્તન કર્યા હતા. સહયોગ મંડળના હોદ્દેદારો બી.પી. પ્રજાપતિ, ભગુભાઈ પટેલ, કિરીટસિંહ વાઘેલા, દિલીપસિંહ રાજપૂત, દશરથલાલ સહિત કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી પ્રવાસનું સફળ આયોજન કર્યું હતું તેવું સંસ્થાના સહમંત્રી ડી.એમ. પરમારે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## એકિટવ યુથ ગૃપના યુવાનોનું સેકટર-૧૨માં વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૧૧

'વૃક્ષ તો આપણા પર્યાવરણીય મિત્રો છે, અને એટલે જ ગાંધીનગર હરિયાળું બની રહે તે જરુરી છે, અમે તમામ મિત્રો સંકલ્પ કરીએ છીએ કે અમે વૃક્ષોનું વાવેતર કરતા રહીશું અને તેને જતનપૂર્વક ઉછેરીશું જેથી ફરી પાટનગરને 'હરિયાળું શહેર'નું બિરુદ અપાવી શકાય.' આ સંકલ્પ વ્યકત કર્યો હતો ગાંધીનગરના સેકટર-૨૪માં રહેતા યુવાનોએ જયારે તેમણે શનિવારે સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલની નજીકની જગ્યામાં વૃક્ષારોપણ કાર્ય હાથ ધર્યું હતું.

ગાંધીનગર એકિટવ યુથ ગૃપના આ યુવાનોએ શનિવારે સેકટર-૧૨માં વૃક્ષારોપણ કાર્ય હાથ ધર્યું હતું. આ કાર્યક્રમમાં જગદીશ દેસાઈ, બિલાલ મન્સુરી, મયુર રાણા, અંકિત ઠાકોર, ચંદ્રેશ, હિતેન સહિત તેમના મિત્રો જોડાયા હતા.

## બ્રહ્મસમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત બદલવાનું આયોજન

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૧૫ ઓગસ્ટના રોજ શ્રાવણી પૂનમના દિવસે સે-૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન ખાતે સમૂહ યજ્ઞોપવિત બદલવાનું આયોજન કાનજીભાઈ ભોગાવતા શાસ્ત્રીજીના આચાર્યપદે કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પૂજામાં બેસવા સવારે ૯.૩૦ વાગ્યે આસન, પંચપાત્ર સાથે બ્રહ્મભવન સે-૧૬ પ્રથમ માળે ઉપસ્થિત રહેવા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ તથા મહામંત્રી નરેશભાઈ દવે દ્વારા જણાવાયું છે.

## સોનારડા ગામેથી જુગાર રમતા ૫ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૧

શ્રાવણ માસના પ્રારંભથી જ શહેર-જિલ્લામાં શ્રાવણીયો જુગાર શરુ થઈ ગયો છે. જુગારીઓ ગમે તે સમયે બાજી માંડીને બેસી જાય છે. ત્યારે શ્રાવણીયા જુગારના શોખીન શકુનીઓ પણ જાહેરમાં રમતા હોવાથી પોલીસના હાથે પકડાતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે સોનારડા ગામે બાદરજી ઠાકોરના બોરકુવા પર આવેલી ઓરડીના તુટેલા આગળના ખુલ્લા ભાગમાં જુગાર રમતા ૫ શકુનીઓ પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી કુલ રૂ. ૨૧,૫૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી ડભોડા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ડભોડા પોલીસ મથકના પાીઅેસાઅાઈ બી.આર.રાઠોડની ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા વિપુલકુમાર પુંજાજીને બાતમી મળી હતી કે સોનારડા ગામની સીમમાં બાદરજી ઠાકોરના બોરકુવા પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા મૌલિક અરવિંદ પટેલ ઉં.વ.૩૦ રહે.મોટી ખડકી સોનારડા, રોનક પ્રવિણ પટેલ ઉં.વ.૨૬ મોટીખડકી સોનારડા, રક્ષિત રાજુ પટેલ ઉં.વ.૩૦ રહે. પટેલવાસ સોનારડા, પ્રવિણ જગદીશ પટેલ ઉં.વ.૩૫ પટેલવાસ સોનારડા, હિતેશ વિષ્ણુ પટેલ ઉં.વ.૩૪ મોટીખડકી સોનારડાને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના દાવ પરથી રોકડ રૂ.૧૬,૫૩૦ તેમજ ૫ મોબાઈલ રૂ.કિં.૫૦૦૦ મળીને કુલ રૂ. ૨૧,૫૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **જબરીયા જોડી** ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
- **ચિકન કરી લો!** ૧૦.૨૦ રાત્રે
- **પ્રણામ** ૧.૪૦ બપોરે
- **સુપર-૩૦** બપોરે ૩.૩૫, રાત્રે ૧૦.૦૦
- **ચાસણી (ગુજરાતી)** બપોરે ૧૨.૪૫
- **કબીરસિંગ** ૧૦.૧૦ સવારે
- **ફાસ્ટ એન્ડ ફયુરિયસ** ૩-ડી હિન્દી ૧૧.૧૫, ૧.૦૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦; ૩-ડી અંગ્રેજી ૯.૧૫ રાત્રે; ૨-ડી હિન્દી ૧૦.૦૦ સવારે
- **ધ લાયન કિંગ** ૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫, ૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫

### સિટી પલ્સ કુડાસણ

- **જબરીયા જોડી** ૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
- **ચિકન કરી લો!** ૭.૦૦
- **પ્રણામ** ૨.૪૫, ૧૦.૧૫
- **ચાસની (ગુજરાતી)** ૯.૩૦ રાત્રે
- **સુપર-૩૦** ૬.૩૦ સાંજે
- **ફાસ્ટ એન્ડ ફયુરિયસ** ૨-ડી હિન્દી ૪.૦૦, ૯.૪૫; ૨-ડી અંગ્રેજી ૧.૦૦
- **ધ લાયન કિંગ** (૨-ડી હિન્દી) ૭.૦૦
- **કબિરસિંગ** ૩.૧૫ બપોરે
- **ખાનદાની શફાખાના** ૧૨.૩૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **જબરીયા જોડી** ૯.૧૫, ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
- **ફાસ્ટ એન્ડ ફયુરિયસ** ૨-ડી હિન્દી ૧.૧૫, ૭.૦૦; ૩-ડી હિન્દી ૧૧.૦૦, ૪.૪૫, ૧૦.૧૫
- **સુપર-૩૦** ૧૨.૧૫, ૬.૩૦
- **ચાસની (ગુજરાતી)** ૩.૩૦ બપોરે, ૯.૪૫ રાત્રે
- **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૨.૦૦ બપોરે, સાંજે ૭.૪૫; (૨-ડી હિન્દી) ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૦

**રક્તદાન મહાદાન**

# ત્રણેય 'વીરા' એક જ વર્ષમાં ગુજરી જતાં 'રાખડી' બાંધવી કોને??

## ગાંધીનગરના શ્રમજીવી પરિવારની વિધવા માતાએ માત્ર એક જ વર્ષમાં પોતાના ત્રણ ત્રણ દિકરા ખોયા આઘાતથી સુનમુન બનેલી માતાને સધિયારો આપવા ચારેય પરિણિત દિકરીઓ સાથે રહેવા આવી ગઈ

ગાંધીનગર, તા.૧૧

સંબંધ જીંદગી જરૂર સજાવે છે પરંતુ જયારે આપણા સંબંધો પર 'કાળ'ની બુરી નજર લાગે અને આકસ્મિક મૃત્યુનો કારમો ઘા વાગવાથી સંબંધ નંદવાય ત્યારે તે હૃદયને ખૂબ પીડા આપે છે. જો કે આ પીડાને હૂંફ પુરી પાડી તેમાં રાહત આપવાનું કામ પણ 'સંબંધ' જ કરી શકે છે. ફરી એકવાર 'રક્ષાબંધન'નું પવિત્ર પર્વ આવી પહોંચ્યું છે અને બાળપણમાં સૌથી પહેલા જેમની 'મિત્રતા'નો સંબંધ ખિલે છે તેવા ભાઈ-બહેનના સંબધને એક નવી ઊંચાઈ બક્ષતું સમગ્ર વિશ્વનું આ એક માત્ર પર્વ છે. આ પર્વનો એક અનેરો જ આનંદ છે પરંતુ ગાંધીનગરમાં ચાર સગી બહેનો એવી છે જેમના માટે આ વર્ષની રક્ષાબંધન માત્ર આંસુઓની હેલી લઈને જ આવી છે કેમ કે છેલ્લાં માત્ર એક જ વર્ષના ગાળામાં આ ચારેય બહેનોએ પોતાના 'ત્રણેય' સગાં ભાઈઓને ગુમાવ્યા છે. આજે તો આ ચારેય બહેનો પોતાના આંસુ પાલવમાં છુપાવી પોતાની વિધવા માતા જેણે ત્રણે દિકરા ખોયાં છે તેનો સધિયારો બની તેની પીડા ઓછી કરવા પ્રયાસ કરી રહી છે.




સેકટર-૫માં સીએનજી ગેસ ફિલીંગ સ્ટેશનની નજીકમાં ઝુંપડી બાંધીને રહેતા અંદાજે ૭૦ વર્ષીય રાધાબેન ઠાકોરે સાત સાત સંતાનો જેમાં ચાર દિકરી અને ત્રણ દિકરાનો સમાવેશ થાય છે તેવા બહોળા પરિવારનું ભરણ પોષણ કરવા બનાસકાંઠાના દિયોદરથી આવીને ગાંધીનગરનું શરણું લીધું હતું. કેમ કે જયારે બાળકો નાના હતા ત્યારે જ પતિ નાનજીભાઈને તે ગુમાવી ચુકયા હતા. રાધાબેનના સંતાનો યુવા વસ્થાએ પહોંચી પોતાને અનુકૂળ આવે તેવા શ્રમકાર્યોમાં જોડાઈને પરિવારને મદદરૂપ થતા હતા જેમાં ગાંધીનગરની વનરાજીમાં વિકસેલા કેટલાક વિશેષ વૃક્ષોના બીજને વીણી એકઠાં કરીને વેચવાનું કામ મુખ્ય હતું. સાતેય ભાઈ-બહેનો આ કામમાં એકબીજાની હોડ લગાવતા અને કામ કરતા સાથે આનંદ કિલ્લોલ પણ કરતા હતા. સાતેય ભાઈ બહેનોમાં સૌથી મોટા જેસંગભાઈ, બીજા નંબરે ગીતાબેન, ત્રીજા નંબરે અમરતબેન, ચોથા નંબરે ભૂપતભાઈ, પાંચમા નંબરે ટીનીબેન, છઠ્ઠા નંબરે સોમભાઈ અને સૌથી નાના સાતમા ક્રમે રમીલાબેનનો સમાવેશ થાય છે. દરેક રક્ષાબંધને ચારેય બહેનો પોતાના ત્રણ ત્રણ ભાઈઓના કાંડે રાખડી બાંધી તેમના લાંબા આયુષ્યની કામના કરતી હતી પરંતુ તેમને કયાં ખબર હતી કે એક સમય એવો પણ આવશે જયારે રક્ષાબંધન ઉજવવા તેમનો એકેય 'વીરો' હયાત નહીં હોય.

મોટા ભાઈ-બહેનોના લગ્નો થઈ ગયા અને આંગણે ભાણીયાં-ભત્રીજા કિલ્લોલ કરવા લાગ્યા. રાધાબેનની દિકરીઓના લગ્ન પણ ગાંધીનગરમાં અથવા આસપાસમાં જ થયાં હતા જેથી આ બહેનો છાશવારે માની ખબર





પુછવા કે ભાઈના હાલચાલ જાણવા દિવસમાં એકથી વધુ વાર આવી શકતી હતી. દોઢેક વર્ષ પૂર્વે આ પરિવારના ૨૪ વર્ષીય સૌથી નાના દિકરા 'સોમા'એ એક અનુસૂચિત જાતિની યુવતિ સાથે સ્નેહસંબંધ બંધાતા પ્રેમ લગ્ન કરી લીધા હતા જે યુવતિના પરિવારજનોને પસંદ નહોતું આવ્યું. લગ્નના માંડ ત્રણેક માસ કરતાં ઓછા સમયમાં સોમાની તબિયત લથડવા લાગી હતી અને અગમ્ય કારણોસર તેનું શરીર સુકાવા લાગ્યું હતું. રીક્ષા ચલાવવાનું કામ કરતો હોવાથી તે અત્યંત થાકી જતો તેની આ તકલીફ માટે તબીબોને પણ બતાવ્યું પરંતુ તેનું કોઈ નિદાન થઈ શકયું નહોતું કેમ કે તેના બધા રિપોર્ટસ નોર્મલ આવતા હતા. અચાનક એક રાતે ખાટલે બેસીને વાતો કરતા કરતા સોનાની તબિયત વધુ લથડી અને ઢળી પડયો અને તેનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું. આઘાતમાં સરી પડેલા પરિવારે તેની પરણેતરને દુઃખના ભાર તળેથી બહાર કાઢવા પાછી તેના પિતાને સોંપી દીધી. વર્ષ ૨૦૧૮ના જુલાઈ માસમાં આ ઘટના સર્જાઈ પછી પરિવાર માંડ થાળે પડયું ત્યાં દસેક માસના ગાળા પછી બીજી વિજળી તુટી પડી હતી. ત્રણેક વર્ષ પહેલા કડિયાકામ કરતા સૌથી મોટાભાઈ જેસંગભાઈના પગમાં કોઈક ઈજાને કારણે થયેલું ગેંગરિન વકરવા લાગ્યું હતું. સતત દવાઓ ચાલુ છતાં તે મટતું નહોતું અને છેવટે તેમનો પગ સુકાઈ જતા પગ કાપવો પડયો જેના કારણે તેમનું કડિયાકામ બંધ થઈ ગયું હતું અને તેઓ બેરોજગાર થઈ ગયા હતા. ગત મે માસમાં તેમને પરોઢિયે અચાનક છાતીમાં દુઃખાવો ઉપડયો અને માત્ર ૪૦ વર્ષની વયમાં તેઓ હાર્ટએટેકથી આ પરિવારનો સાથ છોડી ચાલી નિકળ્યા. આ આઘાત ઘણો વસમો હતો પરંતુ વિધિએ આ પરિવારને હજુ વધુ વસમા ઘા મારવાનું નિશ્ચિત કર્યું હતું તે કોણ જાણતું હતું. પહેલા ઈલેકટ્રીકની લાઈન ખોદવાનું કામ જેવી મજૂરી કરતો ૩૦ વર્ષીય ભૂપત હવે સોમાની પડી રહેલી રીક્ષા ચલાવવા લાગ્યો હતો જેને પરિવારમાં એક દિકરી હતી. ગત જુલાઈ માસની ૧૯મી તારીખે 'ખ' રોડ પરથી રીક્ષા લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે સેકટર-૪ની તલાવડી નજીક અચાનક રીક્ષા પલટી ખાઈ ગઈ અને આ અકસ્માતમાં ભૂપતે પણ તેનો જીવ ખોયો હતો. આમ માત્ર એક વર્ષથી ટૂંકા ગાળામાં જ રાધાબેને પોતાના ત્રણેય દિકરા અને ચારેય બહેનોએ પોતાના ત્રણેય વ્હાલસોયા ભાઈઓને ખોઈ દીધા છે.

રાધાબેનને તો એટલો આઘાત લાગેલો છે કે તેમને ફોટો પાડવાનું કહેતાં જ તેમની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા. આજે તેમની ચારેય દિકરીઓ પરિણિત હોવા છતાં સતત રાધાબેન પાસે જ રહે છે અને આજુબાજુના સંપન્ન રહીશોના મકાનના ઘરકામ કરીને માતાને મદદરૂપ થવા સાથે પરિવારનું ગુજરાન પણ ચલાવે છે. એક સમયે વૃક્ષોની ડાળીઓ પકડી પોતાના ભાઈઓ સાથે હર્ષથી ઝુલતી આ બહેનોની આંખો જાણે કહી રહી છે, 'કોણ હલાવે લીમડી અને કોણ હલાવે પીપળી, ભાઈની બેની લાડકી...'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com